# પ્રાંતિજમાં પોષણક્ષમ ભાવના પ્રશ્ને ખેડૂતો વિફર્યા

## નેશનલ હાઈવે ૮ પર કોબીજ, બટાટા, રીંગણ, ટામેટા ફેંકી દેતા વાહનચાલકો પરેશાન

હિંમતનગર, તા. ૭

સમગ્ર દેશમાં અનાજ અને શાકભાજી પકવતા ખેડૂતોને વર્ષોથી







પોષમક્ષમ ભાવ મળતા નથી જેના કારણે દેવાના ડુંગર નીચે દટાયેલા ખેડૂતને નાછુટકે આત્મહત્યાનું પગલું ભરવું પડે છે ત્યારે સત્તાધિશોના પેટનું પાણી હલતું નથી. ત્યારે ખેડૂતોએ હવે સહનશીલતા ગુમાવી દીધી છે ત્યારે ખેડૂતોએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે નાછુટકે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે ત્યારે ગુરુવારે પ્રાંતિજમાંથી પસાર થતા નેશનલ હાઈવે ૮ પર ખેડૂતોએ પોષમક્ષમ ભાવ ન મળતા શાકભાજી રોડ પર નાખી દઈને વિરોધ કર્યો હતો. જેથી પ્રાંતિજ પોલીસે ૯ ખેડૂતોની અટકાયત કરી પાછળથી તેમને છોડી મૂક્યા હતા.

આ અંગે પ્રાંતિજ નિખીલભી ચીનુભાઈ પટેલ, સંજયભી પટેલ તથા અન્ય ખેડૂતોના જણાવાયા મુજબ છેલ્લા ઘણા વર્ષોથી ખેડૂતોને અનાજ કે શાકભાજીના પોષણક્ષમ ભાવ મળતા નથી. જેના કારણે સાબરકાંઠા સહિત દેશના અન્ય ખેડૂતો રોજબરોજ દેવાના ડુંગરમાં દબાઈ રહ્યા છે. ક્યારેક તો ખેતીથી કંટાળેલા અને નાસીપાસ થયેલા ખેડૂતને જીવવું દોહલું બની જાય છે. જેના કારણે આ ખેડૂત આત્મહત્યા કરી લેવા માટે મજબુર બને છે જે અંગે સત્તાના લાલચું અને મતના રાજકારણમાં રાચતા નેતાઓ સમક્ષ રજૂઆત કરવા છતાં ખેડૂતની આર્થિક સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી.

ખેડૂતોનું કહેવું છે કે વર્ષોથી અનાજ અને શાકભાજી સિવાયની તમામ ચીજવસ્તુઓના ભાવ ઉત્પાદક નક્કી કરે છે. જ્યારે ખેડૂતે પકવેલા અનાજના ભાવ ખેડૂત નક્કી કરી શકતો નથી. તે નગ્ન સત્ય હોવા છતાં અત્યાર સુધીની સરકારોએ આ ખેડૂતોની કોઈ પરવા કરી નથી. જેથી કંટાળેલા ખેડૂતોએ નાછુટકે દેશભરમાં આંદોલન કરવાની ફરજ પડી છે. જેના ભાગરૂપે ગુરુવારે હિંમતનગરથી અમદાવાદ જતા નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ પ્રાંતિજ ત્રણ રસ્તા અને પોગલું પાટીયા પાસે ખેડૂતોએ રોડ પર કોબીજ, ટામેટા, બટાટા અને રીંગણ સહિત અન્ય શાકભાજી બજારમાં મોકલવાને બદલે રોડ પર નાખી દેતા પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું હતું.

ત્યારબાદ પ્રાંતિજ પોલીસે તરત જ ઘટના સ્થળે આવી રોડ પર ફેંકવામાં આવેલ શાકભાજીને દુર કરી દીધા હતા. જોકે રોડ પરથી પસાર થતાં અન્ય વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હોવાને કારણે તેઓ પણ હરકતમાં આવી ગયા હતા. દરમિયાન પ્રાંતિજ પોલીસે ઘટના સ્થળે આવી ૯ ખેડૂતોની અટકાયત કરી લીધી હતી અને થોડાક સમય બાદ આ ખેડૂતોને છોડી મુક્યા હતા.

પરંતુ એટલું ચોક્કસ છે કે જો ખેડૂતોને અનાજ અને શાકભાજીના પોષણક્ષમ ભાવ સત્વરે નહિ મળે તો ખેડૂતો પોતાના પરીવાર પુરતી ખેત ઉપજોની વાવણી કરી પરિવારનું ગુજરાન ચલાવશે. જેથી ભવિષ્યમાં અન્ય લોકોને અનાજ અને શાકભાજી માટે વલખાં મારવાનો સમય આવે તો નવાઈ નહી. જેથી સરકારે ખેડૂતોની આવક બમણી કરવાના જે વચનો આપ્યા છે તે સત્વરે પૂર્ણ કરવાની જરૂર છે.

### હા... સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને આજે કયાં છો? આંકડા મેળવીને વાત કરજો.'

'ચાર ચૂંટણી જીત્યા એમાં તો આટલો પાવર. એ ય પેટા ચૂંટણી, આવી જજો ૧૯માં મેદાનમાં. પ્રજા સામે ઉભા રહેતા પરસેવો ન પડે તો કહેજો.'

'બસ બસ રહેવા દો, બહુ થયું આટલા બધા હવામાં ન આવો. ચૂંટણીઓ તો કાલ આવશે અને જતી રહેશે. આપણે પ્રજા તરીકે સાચા ખોટાનું મુલ્યાંકન કરવા પ્રમાણિક બનવાની આવશ્યકતા છે. કોઈથી ખેંચાવું નહીં કે કોઈથી ધકેલાવું નહીં..'

'એકદમ સાચી વાત.. પ્રજા પ્રમાણિક બનશે તો રાજકારણીઓની શાન ઠેકાણે આવશે, ખરું ને...' 'હા.. સાહેબ...હા...'

### તાવના દર્દી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયેલી આ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં અત્યાર સુધીમાં ૭૦ ટકા જેટલી કામગીરી સંપન્ન થઈ જવા પામી છે. અને અત્યાર સુધીમાં ૧૬૦૦થી વધુ તાવના દર્દીઓ શોધવામાં આવ્યા છે. જ્યારે ૪૪૦૦થી વધુ સ્થાનોએ મચ્છરોના પોરા શોધી કાઢી ત્યાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે.

### નગરજનો ત્રસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધુ મળ્યા છે. જેમાં સે.૭માંથી ૨૯, સે.૫માંથી ૧૮, સે.૧૨માંથી ૧૯, સે.૧૩માંથી ૩૯, સે.૧૫માંથી ૩૩ કેસ મળી આવ્યા છે. જુના સેક્ટરોમાં સે.૨૨માંથી ૨૩, સે.૨૩માંથી ૨૨, સે.૧૬માંથી ૧૦, સે.૧૭માંથી ૧૫, સે.૨૪માંથી ૨૨, સે.૨૯માંથી ૨૩ અને સે.૩૦માંથી ૧૭ કેસ મળી આવ્યા છે. નવા સેક્ટરો જુના સેક્ટરો કરતા વધુ સંવેદનશીલ જણાયા હોવાનું પણ તંત્રના સૂત્રોએ આડકતરૂ સ્વીકાર્યું છે.

૪થી જુનથી શરૂ થયેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો આ ત્રીજો રાઉન્ડ છે. અને ૩૦૬ તાવના કેસ મળતાં શહેરમાં તાવનો કહેર યથાવત હોવાનું લોકો માની રહ્યા છે. શહેરમાં વધતા જતા કેસોનું કારણ નવા સેક્ટરોમાં આરોગ્યની નહીવત સેવાઓ પણ જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

### રાહ જોવી પડશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહી છે. ગરમીની વિદાય અને વરસાદની શરૂઆત વચ્ચે દક્ષિણ ભારતમાં મૌસમી પવનો મધ્ય અને ઉત્તર ભારત તરફ આગળ વધી રહ્યા છે. જૂનની શરૂઆતમાં જ કેરળમાં મેઘરાજાની એન્ટ્રી થઈ ગઈ છે. ધીમે ધીમે વરસાદના વાદળો ઉત્તર તરફ વધી રહ્યા છે. આ મૌસમી પવનો ફુંકાતા મધ્ય ભારતમાં ચોમાસુ સક્રિય થઈ રહ્યું છે.

અરબી સમુદ્રમાં અપર એર પ્રેશર વધુ પ્રબળ બન્યું હતું. હવામાન ખાતાએ પણ ગુજરાતના મધ્ય અને ઉત્તરના ભાગોમાં ૧૦મી જૂન સુધીમાં વરસાદના આગમનની આગાહી કરી દીધી હતી. ગરમીથી પરેશાન નાગરિકો કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યા છે જયારે ખેડૂતો પણ વરસાદનું સ્વાગત કરવા મીટ માંડીને બેઠા છે ત્યારે અરબી સમુદ્રમાં વરસાદ માટે સક્રીય થયેલું અપર અર પ્રેશર નબળુ પડયું છે. પરિણામે ચોમાસુ વહેલુ બેસવાની જગ્યાએ મોડું થશે. આ એર પ્રેશર નબળુ થતા હવે ચોમાસુ અંદાજીત ૧૦ દિવસ પાછળ ઠેલાયું છે. આ પરિસ્થિતિને લઈ સમગ્ર ગુજરાતમાં વરસાદનું આગમન મોડું થશે. વરસાદની રાહ જોઈ બેઠેલા નાગરિકોને હજુ પણ ૧૦ દિવસ સુધી આ આકરી ગરમી અને તાપમાં શેકાવાનો વારો આવશે એટલે કે આગામી ૧૦ દિવસ ગરમી સહન કરવી પડશે.

### દબાણ વધાર્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સત્યેન્દ્રદાસજી મહારાજે કહ્યુ છે ભાજપે રામની સાથે છેતરપિંડી કરી છે. હાલની ચૂંટણીઓમાં તેથી જ ભાજપની હાર થઈ છે. જો ભાજપ ૨૦૧૯ જીતવા ચાહે છે. તો આ વર્ષે રામમંદિરનું નિર્માણ શરૂ કરી દે. ફૈઝાબાદમાં હિંદુ ધર્મ સેના અને સાધુ-સંતોએ દેખાવ કર્યા છે અને ફૈઝાબાદના કમિશનરને આવેદન પત્ર પણ સોંપ્યું હતું. આ આવેદનપત્રમાં તાત્કાલિક રામમંદિરનું નિર્માણ શરૂ કરવાની વાત કહેવામાં આવી છે.

મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ સાથેની મુલાકાત બાદ મહંત સુરેશદાસે જણાવ્યુ હતુ કે ૨૫ જૂને યોગી આદિત્યનાથ અયોધ્યા આવી રહ્યા છે અને ત્યાં તમામ વાતચીત કવામાં આવશે. તેમમે ક્હયુ છે કે તેઓ ભાજપની સાથે છે. ભાજપ ઓછામાં ઓછું રામમંદિર નિર્માણમાં સહાયતા કરી રહ્યુ છે. સરકાર સાથે તેમની નારાજગી નહીં હોવાનું પણ મહંત સુરેશદાસે જણાવ્યું છે.

### જળબંબાકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાન ગણાતી મુંબઈની લોકલ ટ્રેન સેવાને પણ માઠી અસર થઈ હતી. સેન્ટ્રલ લાઈન ઉપર લોકલ ટ્રેનો ૧૫થી ૨૦ મિનિટ મોડે દોડી રહી છે જ્યારે વેસ્ટર્ન લાઈન ઉપર ૨૫થી ૩૦ મિનિટ મોડે ટ્રેનો દોડી રહી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે જેટ એરવેઝની લંડન-મુંબઈ ફ્લાઈટને અમદાવાદ વિમાની મથકે ડાયવર્ટ કરવામાં આવી હતી. બીએમસી દ્વારા તમામ અધિકારીઓ અને કર્મચારીઓની શનિવાર અને રવિવારની સાપ્તાહિક રજા રદ કરી દીધી છે. હવામાન વિભાગ તરફથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. શહેરના અનેક ભાગોમાં ભારે વરસાદ જારી રહ્યો છે. આઈએમડી દ્વારા નોંધવામાં આવેલા આંકડા મુજબ કોલાબામાં સવારે ૮.૩૦થી ૨.૩૦ વાગ્યા વચ્ચેના ગાળામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો છે.

### રાજાની ખુશી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હમારા જન્મસિદ્ધ અધિકાર હૈનો નારો આપ્યો હતો. ૫૦૦૦ જુની અમારી સભ્યતાને કોઈપણ વિદેશી આક્રમણકારીઓ પણ ખતમ કરી શક્યા નથી. અનેક લોકોએ સેંકડો વર્ષ સુધી ભારત ઉપર શાસન કર્યું હતું. ત્યારબાદ મુસ્લિમ આક્રમણકારીઓએ ભારત પર શાસન કર્યું હતું. ત્યારબાદ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા અંગ્રેજોનું શાસન આવ્યું હતું.

WORLD ENVIRONMENT DAY
સત્યમેવ જયતે ગુજરાત સરકાર
Gujarat Pollution Control Board
BEAT PLASTIC POLLUTION



શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રી, ભારત

ગુજરાત ઉજવી રહ્યું છે

રાજ્યવ્યાપી પ્લાસ્ટિક હટાવ - પર્યાવરણ સ્વચ્છતા અભિયાન

૫ જૂન થી ૧૧ જૂન-૨૦૧૮ સુધી



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

- પ્લાસ્ટિક બોટલ્સના રિસાયકલીંગ માટે રાજ્યભરમાં રિવર્સ વેન્ડીગ મશીન મૂકવામાં આવશેઃ પ્લાસ્ટિકની બોટલને આ મશીન સુધી પહોંચાડનારને પ્રતિબોટલ એક રૂપિયો મળે તે પ્રકારની યોજના અમલી
- રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, તાલુકા મથકો, રૂર્બન વિસ્તારોના મુખ્ય ૧૦૦ ગામો, શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળોના મુખ્ય માર્ગો, નદીકાંઠાઓ અને પ્રવાસન ધામો વગેરે વિસ્તારોમાંથી ગંદકી અને પ્લાસ્ટિક કચરો દૂર કરવામાં આવશે
- સુજલામ્ સુફલામ્ જળ અભિયાનમાં ઊંડા થયેલા તળાવોની શુદ્ધતા જાળવણી અંગેની સ્પર્ધા યોજાશેઃ અગ્રતાક્રમ પ્રાપ્ત કરનારને રાજ્ય સરકાર પ્રોત્સાહક ઈનામો અને વિકાસકામોની પ્રોત્સાહક ગ્રાન્ટ આપશે
- રાજ્યના દરિયાકિનારાને ક્રિસ્ટલ ક્લિયર બીચ તરીકે વિકસાવી પ્લાસ્ટિક કચરામુકત બનાવાશે
- પર્યાવરણ જતન અને સ્વચ્છતા માટે શ્રેષ્ઠ કામગીરી કરનારને પુરસ્કૃત કરવામાં આવશે

ગુજરાતમાં વેગ પકડતું પ્લાસ્ટિક હટાવ-પર્યાવરણ સ્વચ્છતા અભિયાન

## કચરાના ઢગલાંઓ દૂર કરી સ્વચ્છ-સ્વસ્થ અને તંદુરસ્ત ગુજરાત નિર્માણની પરિકલ્પનાને સાકાર કરવાની સંકલ્પબદ્ધતા વ્યકત કરતા મુખ્યમંત્રી

વિશ્વ પર્યાવરણ દિને મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે 'બીટ ધ પ્લાસ્ટિક પોલ્યુશન' થીમ આધારિત પરિસંવાદને ખૂલ્લો મુકતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર રાજ્યમાં ૫ થી ૧૧મી જૂન સુધી પ્લાસ્ટિક હટાવ-પર્યાવરણ સ્વચ્છતા અભિયાન યોજવાની જાહેરાત કરી હતી, જેના ભાગરૂપે રાજ્યભરમાં આ અભિયાને લોકસહયોગથી વેગ પકડ્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના કર્મઠ નેતૃત્વમાં રાજ્ય સરકાર સાથે પ્રત્યેક ગુજરાતીજન પ્લાસ્ટિક હટાવ-પર્યાવરણ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને આ અભિયાનને ખરા અર્થમાં જનઅભિયાન બનાવ્યું છે.

પ્લાસ્ટિક વેસ્ટમાંથી રિસાયકલ દ્વારા પર્યાવરણ બગડે નહિ તેમજ વિકાસની ગતિવિધિ સાથે પ્રદૂષણ નિયંત્રણનું પણ સંતુલન રાખવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધતા વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાંથી પ્લાસ્ટિકના પ્રદૂષણને દૂર કરવાના અનેક ઉપાયો, નવીન અભિગમો સાથેની ગુજરાત સરકારની નક્કર યોજનાઓની ઘોષણા કરી હતી.

પર્યાવરણ જાળવણીથી સમૃદ્ધિ યોજના અંતર્ગત રાજ્યમાં પાણી, ઠંડા પીણાં વગેરેની PET-પ્લાસ્ટિક બોટલ્સના રિસાયકલીંગ માટે રાજ્યભરમાં મોટાપાયે રિવર્સ વેન્ડીગ મશીન RVM લગાવવામાં આવશે. આ RVMમાં બોટલ્સ નાખનારને રૂા. ૧નું વળતર મળશે. જેનાથી રેગ-પીકર્સ, પ્લાસ્ટિક કચરો વીણનારા દરિદ્ર નારાયણો, ભિક્ષુકો અને સમાજના અતિ આર્થિક પછાત લોકોને આર્થિક આધાર મળશે.

અમદાવાદને એર પોલ્યુશનથી મુક્ત કરવા હવા પ્રદૂષણના કારણો તપાસવા એક ઉચ્ચકક્ષાની સમિતિ બનાવી એક મહિનામાં અહેવાલ તૈયાર કરવામાં આવશે.

૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટિક થેલીનો ઉપયોગ-વપરાશ સદંતર બંધ થાય તે અંગે તલસ્પર્શી અભ્યાસ માટે ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરવામાં આવશે.


પ્લાસ્ટિક હટાવ-પર્યાવરણ સ્વચ્છતા અભિયાન સમગ્ર રાજ્યમાં પાંચમી જૂનથી ૧૧મી જૂન સુધી રાજ્યના તમામ મહાનગરો, નગરપાલિકા, તાલુકા મથકો સહિત ૪૦૦ ઉપરાંત નગરોમાં અને તેની ૨ કિ.મી.ની પેરીફેરીમાં આ અભિયાન વ્યાપક સ્વરૂપે હાથ ધરાશે.

આ સપ્તાહ દરમ્યાન પ્લાસ્ટિક સહિતનો કચરો ઉપાડી લઈ સ્વસ્થ ગુજરાતનું નિર્માણ કરવા સાથે આ કચરો વરસાદી પાણી સાથે ભળીને ગટર-નાળાં-નદીઓ બ્લોક ન કરે તેની પણ તકેદારી રાખવામાં આવશે. આવા કચરાનું યોગ્ય રિસાયકલીંગ, રિયુઝ અને જે પુનઃવપરાશયુક્ત ન હોય તેનો નિકાલ એમ ત્રિવિધ વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

રાજ્યભરમાં તળાવો ઊંડા કરવા ઉપાડેલ સુજલામ્ સુફલામ્ જળ અભિયાન સફળ બન્યું તેને પ્રોત્સાહિત કરવા પર્યાવરણ જતન સાથે જોડી દીધું છે. આ અભિયાન અંતર્ગત જે તળાવો ઊંડા કરવામાં આવ્યા છે તે તળાવોમાં શુદ્ધતા જળવાઈ રહે તે માટે રાજ્યવ્યાપી સ્પર્ધાઓ યોજી પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે.

રાજ્યના દરિયાકિનારાને પ્લાસ્ટિક અને અન્ય કચરાના પ્રદૂષણથી મુકત રાખવા શિવરાજપુર અને અહેમદપુર માંડવી બીચને ક્રિસ્ટલ કિલયર બીચ તરીકે વિકસાવાશે.

રાજ્યના ઉદ્યોગો ચુસ્તતાપૂર્વક પ્રદૂષણ નિયંત્રણના નિયમોનું પાલન કરે તે માટે પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગો સામે રાજ્ય સરકાર દ્વારા



કલોઝર નોટિસ જેવા પગલાં સહિત ભવિષ્યમાં પ્રદૂષણ નિયંત્રણ માટે કડક કાર્યવાહી કરવા તથા રાજ્યના ૪૦૦ જેટલા મોટા શહેરો-નગરોમાં કચરો બહાર ફેંકવા સામે દંડાત્મક કાર્યવાહી કરવાની વિચારણા કરવામાં આવી રહી છે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે પર્યાવરણની જાળવણી માટે સૌને પ્લાસ્ટિકના યોગ્ય નિકાલ તેમજ વૈજ્ઞાનિક ઢબે તેના રિયુઝ માટે સંકલ્પબદ્ધ બનવા આહ્વાન કર્યું છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પ્લાસ્ટિક હટાવ-પર્યાવરણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત તા. ૭ જૂનના રોજ આણંદમાં માર્ગોની જાતે સફાઈ કરી શ્રમદાન કરી પ્લાસ્ટિક હટાવ-પર્યાવરણ સ્વચ્છતા અભિયાન હેઠળ રાજ્યમાંથી કચરાના ઢગલાઓ દૂર કરી સ્વચ્છ-સ્વસ્થ અને તંદુરસ્ત ગુજરાત નિર્માણની પરિકલ્પનાને સાકાર કરવાની સંકલ્પબદ્ધતા વ્યકત કરી હતી.

રાજ્યમાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત તળાવો ઊંડા કરવા સાથે નદી-નાળાંની સફાઈના કામોની અનુગામી કામગીરી તરીકે પ્લાસ્ટિક હટાવ-પર્યાવરણ સ્વચ્છતા અભિયાને ગુજરાતમાં જોર પકડ્યું છે.

વડોદરા મહાનગરપાલિકાએ બાંધકામ સાઈટો ઉપરના કાટમાળનાં કચરાને દૂર કરવા અને પ્લાસ્ટિકના પ્રદૂષણને નાથવા ઝુંબેશ શરૂ કરી છેલ્લા ચાર દિવસમાં ૨૫૫૦ મે. ટનથી વધુ બાંધકામનો નકામો કચરો-કાટમાળને દૂર કરાયો છે. આ સામે જવાબદાર ૪૫ લોકોને નોટિસ ફટકારી છે. પ્લાસ્ટિક કચરાને નાથવા અને જનજાગૃતિ ફેલાવવા વડોદરાના રાજમાતા અને તેમની સ્વૈચ્છિક સંસ્થા 'સોકલીન'ના સહયોગથી વડોદરા ખાતે પ્લાસ્ટિકના રિસાયકલીંગથી બનેલ વસ્તુઓના મેળાનું આયોજન કરાયું છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં પાતળા પ્લાસ્ટિકના કપ, પ્લાસ્ટિકના તમામ પ્રકારના પાઉચ, પાણીના પાઉચ, પ્લાસ્ટિકની થેલીઓ, પાન-મસાલાને બાંધવા વપરાતા પ્લાસ્ટિકના ઉત્પાદન, સંગ્રહ, વપરાશ તથા વેચાણ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રયાસોથી ગિર સોમનાથ જિલ્લામાં અંબુજા સિમેન્ટ, અમરેલી જિલ્લામાં કોવાયા અને કચ્છ જિલ્લામાં અલ્ટ્રાટેક સિમેન્ટ અને સાંઘી સિમેન્ટ એમ ચાર સિમેન્ટ કંપનીઓ પ્લાસ્ટિકના કચરાને બળતણ તરીકે વાપરવા તૈયાર થઈ છે. આ કંપનીઓ સંલગ્ન શહેર-જિલ્લા વિસ્તારમાં ૧ ટ્રક જેટલો પ્લાસ્ટિક કચરો એકઠો થશે તો પોતાના ખર્ચે ઉપાડશે.

રાજકોટ જિલ્લા પંચાયત સંલગ્ન જિલ્લા પંચાયત કચેરી, ડીઆરડીએ, તાલુકા વિકાસ અધિકારીની કચેરીએ પ્લાસ્ટિક ફાઈલો નહી વાપરવા નક્કી કર્યું છે.

આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં પર્યાવરણ સુરક્ષા અને સ્વચ્છતા થકી સ્વસ્થ સમાજના નિર્માણનો સંદેશો જન-જન સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે.